**DATE: 08/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

### અંકલેશ્વરના ૨૫ કેન્દ્રો ઉપર તલાટીની પરીક્ષા યોજાઈ

# ભરૂચ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં તલાટી કમ મંત્રીની પરીક્ષા સંપન્ન થઈ

## કેટલાક પરીક્ષાર્થીઓને પોલીસે પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચાડ્યાં

। ભરૂચ-અંકલેશ્વર ।

આજે ભરૂચ પંથકમા તલાટી કમ મંત્રીની પરીક્ષા શાંતીપુર્ણ વાતવરણમાં યોજાઈ હતી. આજે ભરૂચ જિલ્લામાં ૬૦ કેન્દ્રો ઉપર ૧૦૧૪૩ ઉમેદવારો માટે પરીક્ષા યોજાઈ હતી.

ભરૂચ જિલ્લામાં તલાટી કમ મંત્રીની પરીક્ષા અંગેનું વાતવરણ કેટલાક દિવસો અગાઉથી છવાઈ ગયુ હતુ. ત્યાર બાદ આજે તા ૭ના રવિવારે તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાઈ હતી. સર્વત્ર આ પરીક્ષા નુ વાતવરણ છવાઈ ગયું હતું તમામ કેન્દ્રો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. કોઈ ગેર રીતી કે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. મળતી વિગત અનુસાર કુલ ૧૦૧૪૩ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી તેથી ૪૩ ટકા ઉમેદવાર ગેરહાજર રહ્યા હતા

અંકલેશ્વર ના કુલ ૨૫ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત અને વ્યવસ્થાઓ વચ્ચે પરીક્ષાર્થીઓ ને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમજ દૂર ના જિલ્લામાંથી આવેલ પરીક્ષાર્થીઓ માટે પોલીસે સંકટમોચન બની પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચાડી પસંશનીય કામગીરી બજાવી હતી. અંકલેશ્વરના ૨૫ જેટલા કેન્દ્રો ઉપર રવિવાર ના રોજ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આમ પંચાયત તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાઈ હતી પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તે માટે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી સાથે તમામ કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને પરીક્ષા કેન્દ્ર પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓનું ફરજ પર ઉભા રહેલ પોલીસ કર્મચારીઓ દ્વારા ચેકિંગ કરી પરીક્ષા કેન્દ્રો માં પ્રવેશ અપાયો હતો.

### સ્થાનિક પોલીસના નાક નીચે ભરૂચ એલસીબીએ દરોડો પાડયો

# રાજપારડીમાં ₹ 3.40 લાખનો દારૂ ઝબ્બે, 2 બૂટલેગરો ફરાર

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડીમાં સ્થાનિક પોલીસના નાક નીચેથી એલસીબીએ લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડયો છે. એક ખેતરમાં દારૂના જથ્થાનું કટિંગ થઈ રહયું હતું ત્યારે જ એલસીબીએ દરોડો પાડયો હતો.

ભરૂચ એસપી ડૉ. લીના પાટીલે જીલ્લામાંથી દારૂની બદીને કડક હાથે ડામી દેવા સુચના આપી છે પણ રાજપારડી પોલીસ સ્ટેશનની હદમાં મોટા પ્રમાણમાં દારૂનું કટિંગ થતું હોવાની બાતમી એલસીબી પીઆઈ ઉત્સવ બારોટને મળી હતી. રાજપારડીના ઉમિયા નગરમાં રહેતો કુખ્યાત બુટલેગર વિજય વસાવા દારૂનો જથ્થો મંગાવી નેત્રંગ રોડ પર એક ખેતરમાં કટિંગ કરી રહયો હતો ત્યારે પોલીસની ટીમે દરોડો પાડયો હતો. પોલીસે સ્થળ પરથી દારૂની 3 હજાર બોટલ કબજે લીધી છે જેની કિમંત 3.40 લાખ રૂપિયા થવા જાય છે. પોલીસે વિજય વસાવા અને અમિત વસાવાને ફરાર જાહેર કર્યા છે. પોલીસે બંને બુટલેગરો વિરૂધ્ધ રાજપારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ એલસીબીના દરોડાના પગલે સ્થાનિક પોલીસમાં પણ દોડધામ જોવા મળી રહી છે. એલસીબીના દરોડા બાદ હવે સ્થાનિક પોલીસ સામે પણ કાર્યવાહી થવાના એંધાણ છે.

**DATE: 09/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJATMITRA PAGE–12**

# ગંધારમાં દારૂ સાથે બે ખેપિયા ઝડપાયા

ભરૂચ: વાગરા પોલીસમથકના સ્ટાફને પેટ્રોલિંગ વેળા બાતમી મળી હતી કે, મુલેરનો પ્રવીણ ઉર્ફે વિજય સુરેશ વસાવા દારૂ લઈને આવી રહ્યો છે. ત્યારે ગંધાર-મુલેર માર્ગ પર વોચ ગોઠવતાં નંબર વગરની મોપેડને અટકાવતાં થેલામાંથી દારૂની ૪૪ બોટલ કિ.રૂ.૨૨ હજારનો જથ્થો મળી આવ્યો હતો. સાથે પ્રવીણ અને રાકેશ ગોહિલની દારૂ, મોપેડ સહિત રૂ.૯૭ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરાઈ હતી. જ્યારે માલ આપનાર વડોદરાના બુટલેગર શૈલેષ ઉર્ફે બકરોને વોન્ટેડ જાહેર કરાયો હતો.

DATE: 09/05/2023 CATEGORY: GREEN
E-PAPER GUJATMITRA PAGE–12



# અંકલેશ્વરમાં દારૂ સાથે બુટલેગરની ધરપકડ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે, હસ્તી તળાવ ગાયત્રી મંદિર પાસે રહેતા બુટલેગર અંકુર મુકેશ મોદીએ પોતાના ઘરની બહાર પાર્ક કરેલી મોપેડની ડીકીમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. આથી પોલીસે મોપેડની ડીકીમાંથી દારૂ, એક ફોન તેમજ મોપેડ મળી કુલ 54 હજારનો મુદ્દામાલ કબજે કરી બુટલેગરને ઝડપી પાડ્યો હતો.

**DATE: 09/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# ઝઘડિયા તાલુકાના રાજપારડી પોલીસ સ્ટેશન ખાતે રક્તદાન શિબિર યોજાઈ



ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી પોલીસ સ્ટેશન ખાતે આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને થેલેસેમિયા દિવસ નિમિત્તે રાજપારડી પોલીસ સ્ટાફ અને રેડ ક્રોસ બ્લડ સેન્ટર રાજપીપળાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૫ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું, રાજપારડી, ભાલોદ, તરસાલી, સારસા, વણાકપોર , તેમજ આજુબાજુ ગામના લોકો તથા રાજપારડી પોલીસ સ્ટાફ ટી.આર.બી જવાનો જી.આર.ડી જવાનો ભારતીય જનતા પાર્ટીના તાલુકાના હોદ્દેદારો, રાજપારડી પીએસઆઈ વી આર પ્રજાપતિ સહિત લોકો રક્તદાન શિબિરમાં પોતાના રક્તનું દાનકર્યું હતું, વધુમા રાજપીપલા રેડ ક્રોસ બ્લડ બેન્ક બીટીઓ ડોક્ટર જે એમ જાદવ દ્વારા રક્ત દાતાઓનો અને રાજપારડી પીએસઆઈ નો આભાર વ્યક્ત કર્યો હતો.

**DATE: 09/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઝઘડિયા તાલુકાના એક ગામમાં બનેલી ઘટનામાં અભયમની ટીમે સુખદ સમાધાન કરાવ્યું

# એ તો મહારાણી છે, મારા બાળકને નહીં ઉપાડે કહી ભાભી તેની નણંદ સાથે ઝઘડી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં નણંદ ભાભી ના ઝઘડામાં આત્મહત્યા કરવાની ધમકી આપી પરિવારના તમામ સભ્યના નામ સુસાઇડમા નોટ લખીને મરી જવાની ધમકી આપતી મહિલા ને સમજાવવા માટે નણંદે 181 અભયમ્ ની મદદ માગી હતી

મહિલા થોડા દિવસ પહેલા પિયર મા રહી સાસરીમાં ફરતા એજ દિવસે નણંદ ભાભીના વચ્ચે બાળકને લઈને માથાકૂટ થયેલ. મહિલાની તબિયત ખરાબ હોવાને કારણે તેઓ બેડ પર દવા લઈ આરામ કરતાં હતા. ભાભીએ પિયરમાંથી પરત આવી મહિલાની બાજુમાં બાળકને સુવડાવી દિધેલ મહિલા બિમાર હોવાને કારણે બાળકને હાથમાં લીધેલ નહીં એ જ વાત પર મહિલાના ભાભી એ બોલવાનું ચાલુ કરેલ એતો મહારાણી છે, મારા બાળકને ના ઉપાડે મને કે મારા બાળકો પ્રત્યે કોઈ ને પ્રેમ નહિ એમ કહીને મહિલાએ અપશબ્દ બોલી મેણા ટોણા મારવાનું ચાલું કર્યું, મહિલાના ભાઈને ખબર હતી કે બેનની તબિયત ખરાબ છે. તેથી તેઓ બેની સાઈડ લેતા મહિલાએ મરી જવાની ધમકી આપી નોટમાં બધા સભ્યના નામ લખવાની ધમકી આપી હતી 181 અભયમ્ ટીમ ઘટના સ્થળે પહોંચી કાઉન્સિલીંગ કરતાં જાણવા મળ્યું કે મહિલા થોડા દિવસથી પિયરમાં હતાં તેમના પતિ એ આટલા દિવસ પિયરમાં પત્ની ને કોલ કે મેસેજ ના કરેલ અને મહિલ ને પિયરમાં પાછા લેવા પણ ના ગયેલ તેથી મહિલા ઉગ્ર સ્વભાવના થયેલ, 181 અભયમ્ દ્વારા બંને મહિલા ને પરિવારનુ વેલ્યુ સમજાવી કાયદાકીય સમજ આપી નણંદ ભાભીના ઝઘડામાં સુખદ સમાધાન કરાવવામાં આવ્યુ હતું.

### દહેજમાં ગટર સાફ કરતી વેળાં મોતનો મામલો

# સરપંચ, ડે.સરપંચ બાદ હવે તલાટી પોલીસના સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજમાં ગત 4 એપ્રિલના રોજ ગ્રામ પંચાયત દ્વારા 20 ફૂટ ઉંડી ગટરમાં સફાઇ માટે કામદારોને ઉતારતાં 3 કામદારોના મોત થયાં હતાં. જેમાં દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે પહેલાં સરપંચ તેમજ મહિલા ડેપ્યુટી સરપંચના પતિની ધરપકડ કરી હતી. જોકે, મામલામાં હજી તલાટી કમ મંત્રી ફરાર હતાં. દરમિયાનમાં ભરૂચ એસઓજીની ટીમે આરોપીને ઝડપી પાડી એસસીએસટી સેલને સોંપવામાં આવ્યો હતો. દહેજ ગ્રામ પંચાયત દ્વારા ગત 4 એપ્રિલના રોજ પંચાયતની ગટરોની સફાઇનું કામ કરાવવામાં આવી રહ્યું હતું. તે વેળાં ત્રણ કામદારો 20 ફૂટની ગટરની સફાઇ માટે અંદર પ્રવેશ કરતાં ગુંગળાઇ જવાથી તેમનું મોત નીપજ્યું હતું. ઘટનામાં દહેજ પોલીસે ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેંઝર્સ એક્ટ, તમજ એટ્રોસિટી અને આઇપીસીની કલમ હેઠળ ફરિયાદ નોંધ હતી. જેમાં ગ્રામ પંચાયતના સરપંચ જયદિપસિંહ રાણા તેમજ મહિલા ડેપ્યુટી સરપંચના પતિ મહેશ ગોહિલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઇ હતી. બનાવ સંદર્ભે એસસીએસટી સેલ ડિવાયએસપીને તપાસ સોંપવામાં આવી હતી. દરમિયાનમાં પોલીસે સરપંચ જયદિપસિંહ રાણા તેમજ મહિલા ડેપ્યુટી સરપંચના પતિ મહેશ ગોહિલની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં તલાટી કમ મંત્રી રજનીકાંત સવજી મનાત(રહે. રંગઉપવન સોસાયટી, ચાવજ રોડ, ભરૂચ) પણ કસુરવાર જણાઇ હતી તેમજ તે ફરાર ચાલી રહ્યાં હતાં. દરમિયાનમાં ભરૂચ એસઓજીના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર જુલાલને મળેલી તપાસના આધારે ટીમે તેની ધરપકડ કરી તેને એસસીએસટી સેલના ડીવાયએસપીને સોંપવામાં આવ્યો હતો.

**DATE: 09/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### આણંદ-ખેડા જિલ્લાના નોકરી વાંછુકોને ભરૂચમાં છેતર્યા

# ઘર લેવા 100 લેપટોપ ચોરી કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો

### પેમ્ફલેટ થકી યુવાનોનો સંપર્ક કરતો : હોટલમાં બોલાવી 10 લેપટોપની ચોરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલાં બીજબલ પુર ખાતે રહેતાં જયાનંદ અશોક મેકવાને એકાદ મહિના પહેલાં એક પેમ્ફલેટ મળતાં તેના પરના નંબર પર સંપર્ક કરતાં હસમુખ પટેલ નામના શખ્સ સાથે તેનો સંપર્ક થયો હતો. તેણે ગત 22 એપ્રિલે તેમને વડોદરા હરીઓમ કાઠિયાવાડી-પંજાબી હોટલમાં મળવા માટે બોલાવ્યો હોઇ જયાનંદ ત્યાં પહોંચ્યો હતો. જ્યાં તેના જિલ્લાના અન્ય 5 યુવાનોનો પણ સંપર્ક થયો હતો. હસમુખે તેમની સાથે મિટીંગ કરી તેમને ઉમિયા ફર્ટીલાઇઝરમાં ફિલ્ડવર્કની નોકરી જેનો પગાર મહિનાના 23 હજાર મળશે તેમ જણાવ્યું હતું. હસમુખે તમામ 6 જણાને ફોન કરી લેપટોપ સાથે ભરૂચ આવવા જણાવ્યું હતું. ત્યાંથી કસક ખાતે આવેલી સિટીઝન હોટલમાં બોલાવ્યો હતો. જ્યાં હસમુખે તેમના લેપટોપ રૂમમાં મુકાવી તેમને નોટરી કરવાના બહાને ભરૂચ કોર્ટ ખાતે લઇ ગયો હતો. બાદથી ગુમ થઇ જતાં તેઓએ હોટલ પર જઇ તપાસ કરતાં લેપટોપ ગાયબ થયું હતું . આરોપીનું સાચુ નામ ભાવેશ મંગળ પટેલ (રહે. અલંકાર ટાવર, સયાજીગંજ, તા. વડોદરા) હોવાનું તથા મકાન ખરીદવા માટે 100 લેપટોપ ચોરવાનું નક્કી કર્યાની કબુલાત કરી હતી.



### લોનના ફોર્મના બહાને રૂ. 100-200 ઉભરાવતો

અંતરિયાળ વિસ્તારમાં લોન અપાવવા માટેના પેમ્ફલેટ વેચી લોકોને ટાર્ગેટ કરતો હતો. લોકો પાસે એક ફોર્મ ભરવાના 100થી 200 રૂપિયા ઉભરાવી ઠગાઇ કરતો હતો. નાની રકમને કારણે ફરિયાદ કરવાનું લોકો ટાળતાં હોઇ તેને તેમાં ફાવટ આવી ગઇ હતી. - ઉત્સવ બારોટ, પીઆઇ, એલસીબી

### ઉમેદવારો પર છાપ પાડવા હોટલમાં બોલાવતો

નોકરી તેમજ લોન અપાવવાના પેમ્ફલેટ અંતરિયાળ ગામોમાં વહેચ્યાં બાદ જે લોકોને તેમાં ઇચ્છા હોય તેમને ટાર્ગેટ કરતો હતો. લોકોમાં પોતાનો પ્રભાવ પડે તે માટે તે હોટલમાં રોકાઇ ત્યાં જ તેમને બોલાવતો હતો. જે બાદ તે લોકોને ઠગી ત્યાંથી રફૂચક્કર થઇ જતો હતો.

**DATE: 10/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJATMITRA PAGE–07**

# ઉમરવાડા રેલવે ફાટક પાસે જુગાર રમતાં ત્રણ ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના ઉમરવાડા રેલવે ફાટકની પાસે ઝાડીમાં જુગાર રમતા ત્રણ ઇસમને લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી કુલ રૂ.29,600નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારાની કલમ મુજબ હાથ ધરી છે. ભરૂચ LCBની ટીમને અંકલેશ્વરના અંસાર માર્કેટ ઉમરવાડા રેલવે ફાટકની પાસે ઝાડીમાં જુગાર રમાતો હોવાની જાણ થઇ હતી. જેથી ટીમે સ્થળ ઉપર રેઇડ કરી જુગાર રમતા મહમંદ બાસીર સીદીકી, નાઝીમ રઇશ સીદીકી અને વિક્રમ હાથીભાઇ ગમારને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની અંગઝડતીના રૂ.19,100, ત્રણ નંગ મોબાઇલ ફોન કિ.રૂ.10,500 સહિત કુલ કિ.રૂ.29,600નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

**DATE: 10/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં દારૂ સાથે બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમ ગત રોજ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે સહજાનંદ પાર્ક કાપોદ્રા પાટિયા ખાતે રહેતા સંજય પ્રસાદ પોતાના ઘરમાં મોટાપાયે દારૂ છુપાવી વેચાણ કરી રહ્યો છે. દરોડો પાડી તેના ઘરમાંથી દારૂની 47 બોટલ મળી આવી હતી. પોલીસે કુલ 5300 રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# દઢાલ ગામેથી જૂગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

દઢાલ ગામના ખાડી ફળીયા માં આંક ફરકનો જુગાર નો અડ્ડો ધમધમી રહ્યો છે તેવી માહિતી મળતાં એલસીબીએ દરોડો પાડ્યો હતો. જેમાં દઢાલના વિક્રમ વસાવા, જીતાલીના રાજુ દેવીપૂજક અને વિજય વસાવા તેમજ નવા દીવાના ચિરાગ વસાવાને ઝડપી પાડ્યા હતા.જ્યારે નવીનગરી બાલાની ચાલ ખાતે રહેતા મુખ્ય સૂત્રધાર રમેશ વસાવા ફરાર થઈ જતા વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસ સ્થળ પર થી આંક ફરક ના જુગાર ના સાધનો અને રોકડ મળી 12.700 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો .

**DATE: 10/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ગાંધીનગરના કલોલથી આવ્યા હોવાની કબૂલાત

# માંડવા ટોલટેક્સની નજીકથી 89 તલવાર સામે 6 જણાની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં ટોલપ્લાઝા કે બાયપાસ પર તલવારનું વેચાણ કરતાં ઇસમોની હાજરી જોવા મળી રહી છે ત્યારે માંડવા ટોલપ્લાઝા નજીકથી પોલીસે 89 તલવારો સાથે 6 લોકોને ઝડપી પાડયાં છે.

અંકલેશ્વર શહેર બી ડિવિઝનના પી.એસ.આઈ. પી.આર. કસાડા તેમજ સ્ટાફ હાઈવે પર પેટ્રોલિંગ કરી રહ્યા હતાં તે સમયે માંડવા ટોલપ્લાઝા પાસે કેટલાક ઇસમો



તલવારો બતાવી રહયાં હોવાનું ધ્યાને આવ્યું હતું. જાહેરનામાનો ભંગ કરી હથિયારોનું જાહેર માં પ્રદર્શન કરી વેચાણ કરતા 6 ઈસમોને પોલીસે ઝડપી પાડયાં હતાં.

તેમની પૂછપરછ કરવામાં આવતાં તેઓ ગાંધીનગર જિલ્લાના કાલોલના સુખદેવ રમેશ લુહાર, કિમભાઈરતન લુહાર, ઘનશ્યામ આત્મારામ મારવાડી, દેવાનંદ ભાઈઉર્ફે દેવો ભાનુ લુહાર, આકાશ સમરતલુહાર અને ભોલેનાથ ઉર્ફે ભોલો આત્મારામ મારવાડી ની જાહેરનામા ભંગ બદલ ધરપકડ કરી હતી તેમની પાસેથી કબજે લેવાયેલી તલવારોની કિમંત 26 હજાર રૂપિયા થવા જાય છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## રોકડા સહિત 1.84 લાખનો મુદ્દામાલ જપ્ત

# સેગવા ગામે ખેતરના સેઢા પર જુગાર રમતાં 10 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં સેગવા ગામે નવીનગરી ખાતે કાચા ઘરની પાછળ આવેલાં ખેતરના શેઢા પર કેટલાંક શખ્સોએ રીક્ષા તેમજ બાઈકની આડમાં જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં ઈમરાન ઐયુબ પટેલ, મહેબુબ આદમ હાંડલી, શબ્બીર આદમ કહાનિયા, સરફરાજ દાઉદ બનુ, હનિફ ઉર્ફે બાપુ મજીદ ઉમટા, શબ્બીર ઈબ્રાહિમ કડુજી, મોહસીન ફારૂક ઉમટા, ઈરફાન મુસા પટેલ, સાજીદ મજીદ બાબીએત તેમજ ઈશાક યાકુબ કડુને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી 28 હજારથી વધુની રોકડ તેમજ 3 મોબાઈલ, બે બાઈક તથા એક રીક્ષા મળી કુલ 1.84 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ વિરૂદ્ધ પાલેજ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીના પગલે જુગારીયાઓમાં નાસભાગ મચી ગઈ હતી પણ પોલીસે તમામને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## અંકલેશ્વરની ફાઇવબ્રોસ કંપનીમાં ચોરીનો ભેદ ઉકેલાયો

# 1.89 લાખના સામાનની ચોરીમાં ચોકીદારોની પણ સંડોવણી ખુલી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી માં ફાઈવબ્રોસ ફોર્જીસ કંપનીમાં ઓપરેટર અને ચોકીદારોએ ભેગા મળી ચોરીને અંજામ આપ્યો હોવાનો ખુલાસો થયો છે. પોલીસે કુલ ચાર આરોપીની ધરપકડ કરી છે.

ફાઈવબ્રોસ ફોર્જીસ કંપનીના ઓપરેટર યોગેશ લાડે કંપનીમાં 1.89 લાખની ચોરી કરી હતી. ચોરીની આ ઘટના કંપની ના



સીસીટીવીમાં કેદ થઈ હતી. પોલીસે આરોપી ઓપરેટરની ધરપકડ કરી હતી. તેણે ચોરીમં કંપનીમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતાં અનિલ પડિ અને અરવિંદ રાઠોડની પણ સંડોવણી હોવાની કબુલાત કરતાં તેમને પણ દબોચી લેવાયા હતાં. આરોપીઓએ કંપનીમાંથી ચોરી કરેલો સામાન સારંગપુરના ભંગારિયા ઈબ્રાહિમ ફજરૂદીન સૈયદને વેચ્યો હોવાની કબૂલાત કરતાં તેની પણ ચોરીના ગુનામાં અટકાયત કરવામાં આવી છે. ચોરીમાં ગયેલાં 1.89 લાખના સામાન પૈકી 66 હજારનો મુદામાલ રીકવર કરાયો છે. ચારેય આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરૂચ એલસીબીની ત્રણ સામે ફરિયાદ

# મિત્ર સાથે ભાગમાં દારૂ વેચતો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સક્કર તળાવ વિસ્તારના એક બુટલેગરના ઘરે એલસીબીએ દરોડો પાડી દારૂની જથ્થો ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી કુલ 32 હજાર ઉપરાંતનો વિદેશીદારૂ જપ્ત કર્યો હતા.

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હીત કે, શહેરના સક્કર તળાવ ઘાસમંડી ખાતે રહેતાં મોહંમદ મતિન નઝીર હુસેન શેખ વિદેશીદારૂનો વેપલો કરે છે. જેના પગલે તેના ઘરે દરોડો પાડી 32 હજારથી વધુની મત્તાનો દારૂની બોટલ ભરેલી એક કોલેજ બેગ જપ્ત કરી હતી. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, ફુરજારોડ નારિયેળી બજાર ખાતે રહેતાં આમીર ઈબ્રાહિમ શેખ સાથે ભાગમાં તે દારૂનો વેપલો કરે છે. જ્યારે શોએબ શરીફ શેખ (રહે. વેજલપુર ડુંગાજી સ્કૂલ પાસે) નમનો મિત્ર ખાનગીમાં ગ્રાહકો શોધી તે દારૂનું વેચાણ કરે છે. જેથી ટીમે બન્નેને વોન્ટેડ જાહેર કરી ટીમે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# નવા છાપરા ગામેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના નવા છાપરા નવી વસાહતમાં રહેતા ભરત વસાવા પોતાના ઘરમાં દારૂ સંતાડી વેપલો ચલાવી રહ્યો હતો. પોલીસે દરોડો પાડતા ઘરમાંથી અલગ અલગ બ્રાન્ડની 180 એમ.એલ ની 73 બોટલ મળી આવી હતી. કુલ 7300 રૂપિયાનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે બુટલેગર ભરત વસાવા ભાગી જતા પોલીસ તેને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–01**

# ભરૂચ જિલ્લામાં 12,514 નોટિસ ફટકારાઇ

# વાહન ચાલકોના ઈ-મેમોનો દંડ ભરવાનો અંતિમ દિવસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ઈ-મેમો થકી 12554 વાહન ચાલકોને કુલ 41.29 લાખનો દંડ ફટકારાયો હતો. જેમાં 12મી મે સુધીમાં દંડની ભરપાઈ કરવા તાકીદ કરાઈ હતી.

ભરૂચ શહેરી વિસ્તારમાં પોલીસની નેત્રમ ટીમ દ્વારા મોનીટરીંગ કરી જે લોકો ટ્રાફીક નિયમોનો ભંગ કરે છે તેવા લોકોને ઈ-મેમા ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે. પરંતુ ઘણા લોકો આ મેમો આવ્યા બાદ દંડ ભરતા નથી આવા લોકો વિરૂધ્ધ કાયદેસરના પગલા લેવાનું આયોજન કરાયું છે. આથી તા. 13 મેંના રોજ પ્રે-લીટીગેશન લોક અદાલતનું આયોજન કરાયું છે.

જેમાં ભરૂચ જીલ્લામાં નેત્રમ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ઈ-મેમા પૈકી જે વાહન ચાલકોના ઈ-મેમાના દંડ આજદિન સુધી ભરાયા નથી. ભરૂચ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ધ્વારા રૂ. 41 લાખ 29 હજાર વસુલવા માટે કુલ 12554 નોટીશ આવી છે. ત્યારે તમામ વાહન ચાલકોને લોક અદાલતમાં ન જવું હોય તો 12મી મે સુધી દંડ ભરવા માટે તાકીદ કરાઈ હતી. ત્યારે જે વાહન ચાલકો આજે શુક્રવારે તેમનો દંડ નહીં ભરે તો તેમની સામે 13મીએ લોક અદાલતમાં કાર્યવાહી થશે.

**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–04**

### કાર સહિત 1.92 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો

# ધંતુરિયાનો બૂટલેગર નાંગલથી કારમાં દારૂ લઈ જતો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નાંગલ બસ સ્ટેન્ડ નજીક થી તાલુકા પોલીસે કારમાંથી દારૂના જથ્થા સાથે નવા ધંતુરીયા ગામના બુટલેગરને 1.92 લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો છે.

નવા ધંતુરીયા ગામનો મોન્ટુ પટેલ નવા હરિપુરા ગામથી પોતાની કારમાં દારૂનો જથ્થો ભરી અંકલેશ્વર શહેર તરફ આવી રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે નાંગલ ગામના બસ સ્ટેન્ડ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન કાર આવતા તેને રોકી અંદર તલાસી લેતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો .પોલીસે મોન્ટુ પટેલની ધરપકડ કરી હતી.રૂપિયા 62.400 નો દારૂ તથા કાર મળી રૂપિયા 1.92 લાખનો મુદ્દામાલ કબ્જે કરી મોન્ટુની પૂછપરછ કરતા તે નવા હરીપુરા ગામના ચિરાગ પટેલ પાસેથી દારૂ લાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે ચિરાગ પટેલને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 13/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–01**

# પગાર મુદ્દે થયેલાં ઝઘડાનું પરિણામ દહેજમાં હત્યા કરી ભાગેલો આરોપી આખરે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજની રૂચિ પેટ્રોપ્લાસ્ટ કંપનીની લેબર કોલોનીમાં છ મહિનાના પગારના રૂપિયા મુદ્દે તકરાર થતાં શખ્સે યુવાનના માથામાં લોખંડના સળિયાના સપાટા મારતાં તેનું મોત નિપજ્યું હતું. હત્યાને અંજામ આપી ભાગી ગયેલો આરોપી તેના વતને ભાગી જવાના ઈરાદે આમોદ ચોકડી પાસે ઉભો હતો. તે વેળાં પોલીસે તેને ઝડપી પાડી આગળની કાર્યવાી હાથ ધરી છે.

મુળ યુપીના વતની એવા અવધેશ ડોબાર ગૌતમ દહેજ ખાતે આવેલી રૂચી પેટ્રોપ્લાસ્ટ કંપનીના કંપાઉન્ડમાં આવેલાં લેબર કોલોનીમાં રહેતો હતો. તેમજ કંપનીમાં જ કામ કરતો હતો. તેણે તેના ગામ પાસેના લાલબહાદુર કદીર ગૌતમને પણ રોજગાર માટે દહેજ લાવ્યો હતો. દરમિયાનમાં ગત ગુરૂવારે રાત્રીના સમયે લાલબહાદુર ગૌતમે તેના અવધેશ પાસે તેના 6 મહિનાના પગારના રૂપિયાની માંગણી કરતાં તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં ઉશ્કેરાયેલાં લાલબહાદુર ગૌતમે નજીકમાંથી લોખંડનો સળિયો લઈ આવી અવધેશ પર ઉપરાછાપરી ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું મોત નીપજાવ્યું હતું. હત્યાને અંજામ આપ્યાં બાદ લાલબહાદુર ગૌતમ ત્યાંથી ભાગી ગયો હતો. તે તેના વતને જતાં રહેવાની ફિરાકમાં આમોદ ચોકડી પાસે વાહનની રાહ જોઈ ઉભો હતો. તે વેળાં દહેજ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–01**

# વાલિયાનો ફરાર આરોપી એક વર્ષે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વાલિયા પોલીસ સ્ટેશન એક વર્ષ પૂર્વે હત્યાની કોશિષ ની ફરિયાદ નોંધાઈ હતી જે ગુનામાં વાલિયા ના વાંદરીયા ગામ ખાતે રહેતા 59 વર્ષીય મગન કોલીયા વસાવા પોલીસને ચકમો આપી છેલ્લા એક વર્ષ થી ફરાર હતા. ભરૂચ એલસીબી પોલીસ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન વાલિયા પોલીસ મથક ના હત્યાની કોશિષ માં વોન્ટેડ આરોપી મગન કોલીયા વસાવા જુના કાંસીયા ગામ ની લાલવાડી વિસ્તાર માં હોવા ની ચોક્કસ માહિતી મળી હતી જેથી સર્ચ ઓપરેશન હાથ ધરી મગન વસાવા ને ઝડપી પાડ્યો હતો. અને વાલિયા પોલીસ ને જાણ કરી વાલિયા પોલીસ ને સી.એસ.પી.સી 102 મુજબ અટક કરી સુપ્રત કર્યો હતો. ભરૂચ એસપી ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. એલસીબીએ મગન વસાવાને ઝડપી પાડી વાલિયા પોલીસના હવાલે કર્યો છે.આરોપી છેલ્લા એક વર્ષથી ક્યાં રોકાયો હતો અને તેને કોણે આશરો આપ્યો હતો તેની તપાસ ચાલી રહી છે.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–04**

# દહેગામ ગામે જુગાર રમતાં 5 ઝબ્બે

ભરૂચ | જંબુસરમાં આવેલાં દહેગામ ગામે બસ તળાવની પાળ પર આંબાવાડીમાં યાકુબ ઈદ્રીશ ઉમર હસન મલેક તેના સાગરિતો સાથે જુગાર રમતો હોવાની બાતમી કાવી પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં યાકુબ સહિત અબ્બાસ અલી રસુલ મલેક, તાહીર રસુલ કંડીક્ટર મલેક, મોહીન અબ્બાસ મહમદ રહીમ સાથ મલેક તેમજ ઈમ્તિયાઝ ઉસ્માન મલુ મલેકને ઝડપી પાડી તેમની પાસેથી 11 હજારથી વધુની રોકડ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–01**

### સળગી ગયેલાં ગોડાઉનોના માલિકે પાડોશી વેપારી સામે ફરિયાદ નોંધાવી

# અંકલેશ્વરમાં પૂંઠાના ગોડાઉનમાં અન્યની બેદરકારીથી આગ લાગી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઈવે 48ને અડીને આવેલા અંકલેશ્વરના અંસાર માર્કેટમાં બે ગોડાઉનમાં લાગેલી આગની ઘટનામાં નવો વળાંક આવ્યો છે. સળગી ગયેલાં બે ગોડાઉનના માલિકે અન્ય ગોડાઉન માલિકની બેદરકારીના કારણે આગ લાગી હોવાની ફરિયાદ નોંધાવી છે.

અંકલેશ્વરની ઓપેરા પાર્ક સોસાયટીમાં રહેતા મોહમદ નસીમ ઉસ્માન કુરેશી છેલ્લા 25 વર્ષથી અંસાર માર્કેટ પાસે આપન માર્કેટમાં ઉસ્માન ટ્રેડર્સ અને હિન્દુસ્તાન સ્ક્રેપ ટ્રેડર્સનું ગોડાઉન ધરાવે છે. તેઓને ગત રોજ સવારે તેઓના ગોડાઉનમાં કામ કરતા કામદારોને ફોન કરી ગોડાઉનમાં આગ લાગી હોવાનું જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ તેઓ સ્થળ પર દોડી આવ્યા હતાં. આગમાં તેમના બંને ગોડાઉન સળગી ગયા હતાં જેમાં તેમને અંદાજીત 67 લાખ રૂપિયાનું નુકશાન થયું હોવાનો અંદાજ છે. ગોડાઉનના માલિકે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, પાડોશમાં ગોડાઉન ધરાવતા મોહંમદ ચૌધરીએ વહેલી સવારે 4 કલાકે તેઓના ગોડાઉન પાસે કચરો સળગાવ્યો હતો. જેમાંથી તણખા પવનની સાથે ઉડીને મોહંમદ કુરેશીના ગોડાઉનમાં પડતાં આગ લાગી હતી. પાડોશીના બેદરકારી ભર્યા કૃત્યને કારણે આગની ઘટના બની હોવા અંગે અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે ગોડાઉનના માલિકની ફરિયાદના આધારે આરોપી ગોડાઉન માલિક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંસાર માર્કેટમાં આગના બનાવો બનતાં જ રહે છે.

## ભરૂચમાં પણ આવી ઘટના બની હતી

ભરૂચ જીઆઈડીસીમાં આવેલી પ્લાસ્ટિકની કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. કંપનીમાં સિક્યુરીટી તરીકે ફરજ બજાવતાં કર્મચારીએ જ ફેકટરીમાં આગ લગાવી હોવાનો પર્દાફાશ સીસીટીવી કેમેરામાં થયો હતો. આ ઘટનામાં પણ ફેકટરીના માલિકે સિક્યુરીટી ગાર્ડ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ભરૂચમાં બનેલી ઘટનામાં આગ લગાડવા પાછળનું કારણ હજી પણ અકબંધ રહયું છે.


જોઈએ છે-અંકલેશ્વર માટે
લેબર - ૫
પેકીંગના કામ માટે
ઈચ્છુક ઉમેદવારોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–04**

### કરજણથી ભરૂચના પરિએજ ગામે જતાં હતાં

# કતલના ઈરાદે લઈ જવાતાં બે બળદ પોલીસે બચાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસે પાલેજથી ટંકારિયા તરફ જતી નહેરવાળા રોડ પર કિશનાડ ગામે જવાના રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં પિકઅપ ટેમ્પો આવતાં પોલીસે રોકી તેમાં તપાસ કરતાં તેમાં બે બળદને ક્રૂરતાં પુર્વક બાંધેલાં જણાયાં હતાં. પિકઅપ ટેમ્પોના ડ્રાઈવર-ક્લિનરની પુછપરછ કરતાં તેમનું નામ કાસમ મીરજા(રહે. સામળી, તા. કરજણ) હોવાનું માલુમ પડ્યું હતું. તેણે કબુલ્યું હતું કે સામળી ગામના ઈકબાલ સૈયદે તેમના વાડામાંથી બન્ને બળદ ટેમ્પોમાં ભરાવ્યાં હતાં. તેમજ પરિએજ ગામના આરીફને ત્યાં પહોંચાડવાનું જણાવતાં તેઓ તે લઈને પરીએજ જઈ રહ્યાં હતાં. પોલીસે 20 હજારની મત્તાના બે બળદ તેમજ પિકઅપ ટેમ્પો જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બંને બળદોને કયા ઈરાદે લઈ જવાતા હતાં તેની તપાસ ચાલી રહી છે.